**કડાણાના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબ ની કોર્ટમાં, મુ. દિવડા કોલોની, જી.મહીસાગર**

ક્રીમીનલ કેસ નં. 712/2026

આંક: ૫

ફરીયાદી: શ્રી સરકાર

વિ.

આરોપી: રાજમલભાઈ કાનજીભાઈ ડામોર

ગુનો: **<u>મોટર વ્હીકલ એકટ ની કલમ ૧૮૫,૩,૧૮૧, તથા પ્રોહીબીશન એકટ ની કલમ ૬૬(૧)(બી) મુજબ</u>**

૧. ફરીયાદી પક્ષ ના કેસની હકીકત ટુંક મા એવી છે કે, આ કામના આરોપી એ તા.૧૧/૦૫/૨૬ ના કલાક ૨૦/૪૦ ના સુમારે મોજે સરસવા ચેક પો.સ્ટ પાસે પ્રોહી પ્રતિબંધક એરીયામા વગર પાસ પરમીટે જાહેર રોડ પર પોતાના કબજાની મો.સા. નં આરજે ૧૨ એએસ ૩૨૦૯ નશો કરેલ હાલતમા ચલાવી લાવી મોટર વ્હીકલ એકટ ની કલમ ૧ ૮૫,૩,૧૮૧ તથા પ્રોહીબીશન એકટ ની કલમ ૬૬(૧)(બી) અન્વયે નો શિક્ષાપાત્ર ગુનો કર્યાની ફરીયાદ પોલીસ સ્ટેશને નોધવા મા આવેલી અને તપાસ કરનાર અમલદારે સાહેદો ના નીવેદન લઈ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલત મા ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આરોપી કોર્ટ રુબરુમા હાજર થતા તેઓને પોલીસ પેપર્સ ની નકલો મળ્યા અંગેની ખાત્રી કર્યા બાદ આંક.૩ થી પ્લી નોધી આરોપીને ગુના કબુલાત અંગે પુછતા તેઓએ ગુનો કબુલ કરેલ છે આંક.૪ થી ગુનાના કબુલાત ની પુરશીશ આપેલ છે જેથી આંક. ૩ થી ઉપરોકત ગુના અંગેની પ્લી લેતા તેમા આરોપીએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે તેમા તેઓએ જણાવેલ છે કે , તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કુટુંબ કબીલાવાળા અને ઘરની તમામ જવાબદારી તેઓના શીરે છે અને તેથી તેઓની ઉપર દયા કરવા વિનંતી કરેલી છે.

આરોપી વીરુધ્ધ ગુનામાં સજાની જોગવાઈ ધ્યાને લીધી વધુ સ્ટેટ ઓફ ગજરાત વી.નટવર હરચંદ ઠાકોર (૨૦૦૫)૧ જી.એલ.આર.૭૦૯ નો ચુકાદો ધ્યાને લેતા કોર્ટ વિશીષ્ટ સંજોગો ધયાને લઈ ઓછામા ઓછી ઠરાવેલ સજાથી ઓછી સજા પણ કરી શકે તેવુ ઠરાવેલ તે હકીકત ધ્યાને લીધી.

૩. ઉપરોકત કરેલી ચર્ચા તેમજ આરોપીની સ્વૈચ્છીક ગુના કબુલાત આરોપી ની ગુના કબુલાત ની પુરશીશ મુજબની રજુઆત ગુનાનો પ્રકાર વિગેરે જોતા આરોપી તેઓની સામેનો ગુનો સ્વૈચ્છીક કબુલ રાખતા હોય અને સ્વૈચ્છીક ગુના કબુલાત હોવાની ખાત્રી કરી ન્યાય ના હીત મા નીચે મુજબનો હુકમ કરવા મા આવે છે.

::હુકમ::

આ કામના આરોપીને ભારતીય ના.સુ.સહીતાની કલમ : ૨૭૫ અન્વયે **મોટર વ્હીકલ એકટ ની કલમ ૧૮૫, ૩,૧૮૧ તથા પ્રોહીબીશન એકટ ની કલમ ૬૬(૧)(બી)** અન્વયે ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ **રૂ.૨૦૦૦/–** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દંડ ન ભરવાના કસુરનાં કારણે દીન–૧૦ ની સાદી કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૧ મી જુલાઈ સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: કડાણા, મુ. દિવડા કોલોની

(જયેશ વાલજીભાઈ ચૌહાણ)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ
કડાણા, મુ. દિવડા કોલોની
જજ કોડ નં. જીજે ૦૧૪૩૧